જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૯/૮/૨૦૧૪ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી ૨૦૫૪/૧૪</u>

**<u>ક્રાઇમબ્રાન્ચ :</u>**

## <u>HP તથા CANON જેવી બ્રાન્ડેડ કંપનીના નામથી બનાવટી ટોનરોનું વેચાણ કરતી ઇન્કમટેક્ષ સ્થિત ટીમ ઇમેજીંગ પ્રા.લી. નામની કંપની ખાતે તથા માનસી સર્કલ પાસે આવેલ શમસરા નામની ડ્રેસ મટીરીયલ્સની દુકાન ખાતે રેઈડ કરી બનાવટી ટોનરોનો જથ્થો કબ્જે કરતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ.</u>

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓની સુચના થી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.આર. ટંડેલનાઓના સ્કવોડના પો.સ.ઈ. શ્રી પી.બી. દેસાઈ તથા સ્ટાફના માણસો EIPR INDIA LTD. કંપનીના માણસો સાથે તેઓની હકીકત આધારે ટીમ ઇમેજીંગ પ્રા.લી. કુ. કે જે રાજકલમ - બી સેલર, સત્તર તાલુકા સોસાયટી, ઇન્કમટેક્ષ, અમદાવાદ ખાતે આવેલ છે ત્યાં રેઈડ કરતા આ ગોડાઉન વાળી જગ્યાએ પ્રિન્ટર મશીનમાં વપરાતા HP કંપનીના તથા CANON કંપનીના જુદા જુદા મોડલના અસલ જેવા પ્રથમ દ્રષ્ટિએ દેખાઈ આવે તે રીતેના ડુપ્લીકેટ/બનાવટી ટોનર નંગ – ૫ મળી આવતા ગોડાઉનમાં હાજર મળી આવેલ વ્યક્તિઓને વધુ આવા ડુપ્લીકેટ/બનાવટી ટોનર બાબતે તેમજ મળી આવેલ ટોનર ક્યાંથી લાવેલ છે? તે બાબતે પુછતા ટીમ ઇમેજીંગ પ્રા.લી.ના ડીરેક્ટર ભાવિન અમરતલાલ શાહના પત્નિના એફ-૨૮, શમશરા, બાલાજી એવન્યુ, માનસી સર્કલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ (ડ્રેસ મટીરીયલ્સની દુકાન) ખાતે રાખવામાં આવેલ હોય ત્યાંથી લઈ આવેલ હોવાનુ જણાવતા, જે આધારે શમશરા, ડ્રેસ મટીરીયલની દુકાને રેઈડ કરતા દુકાનમાંથી પ્રિન્ટર મશીનમાં વપરાતા HP કંપનીના તથા CANON કંપનીના જુદા જુદા મોડલના અસલ જેવા પ્રથમ દ્રષ્ટિએ દેખાઈ આવે તે રીતેના વધુ ડુપ્લીકેટ/બનાવટી ટોનર મળી આવતા કુલ નંગ- ૧૪૯ કિ.રૂ.૬,૮૦,૪૬૯/- ની મત્તાનો જથ્થો તા.૦૮/૦૮/૨૦૧૪ નારોજ કબ્જે કરવામાં આવેલ છે.

સદર કંપનીના ડિરેક્ટર ભાવિન અમરતલાલ શાહ રહે. એ/૫૦૨, આર્શીવાદ રેસીડેન્સી, જલારામ મંદીર સામે, પાલડી, અમદાવાદ નાઓ પોતે આર્થીક લાભ મેળવવા સારૂ બનાવટી ટોનરોનો જથ્થો પોતાની પત્નિના ડ્રેસ મટીરીયલના ધંધાની આડમાં આ ‘શમશરા’ નામની દુકાને છુપાવી રાખી, બનાવટી ટોનરો ઓરીજીનલ કંપનીના નામથી ગ્રાહકોને ઉંચી કિમતે વેચાણ કરી ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા હોવાનુ જણાઈ આવતા તેઓ વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચ તરફથી કાયદેસર કાર્યવાહી હાથ ધરી ગુન્હો નોંધવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.